# લગ્નજીવનની સફળતાનો આધાર – પરસ્પરની ઉદારતા

– વલ્લભ ઈટાલીયા

માણસના જીવનનું ધ્યેય છે – આનન્દ. જગતનું પ્રત્યેક યુગલ સ્નેહ અને સન્તોષથી હર્યુંભર્યું, પ્રસન્ન દામ્પત્યજીવન ઝંખે છે. મનુસ્મૃતીમાં પણ કહ્યું છેઃ *‘જ્યાં પત્નીથી પતી સન્તુષ્ટ હોય અને પત્ની પતીથી સન્તુષ્ટ હોય, એવા કુટુમ્બમાં સદાય કલ્યાણ વસે છે.’* સંસારમાં આજે આવું ‘કલ્યાણ’ ક્યાં અને કેટલાં ઘરોમાં? જાહેરમાં રુડાં–રુપાળાં, સુખી દેખાતાં દમ્પતીઓ પણ ખાનગીમાં લડી લેવાની કળા જાણતાં હોય છે ! લગ્નજીવન લાંબું ચાલે, એથી દામ્પત્ય સુખી જ છે એમ માની લેવાની ભુલ કરવા જેવી નથી. આપણે ત્યાં તો મોટા ભાગનાં લગ્નો કાયમી જ ટકી રહે છે, શું એ બધાંનાં દામ્પત્ય આદર્શ જ હોય છે?

લગ્ન કરતાં પહેલાં યુવક–યુવતીએ કેવા પ્રકારની વ્યક્તી સાથે જીન્દગી વીતાવવાનું ફાવશે એ વીશે થોડું વીચારી રાખવા જેવું છે. યોગ્ય પાત્ર શોધતી વખતે પોતાની યોગ્યતા પણ યાદ રાખવામાં બન્નેની ભલાઈ છે. કેટલીકવાર તો યુવક–યુવતીઓ ઉંચીઉંચી ધારણાઓનાં પોટલાં બાંધીને પરણે છે અને પછી પેટ ભરીને પસ્તાય છે ! લગ્નો સામાન્યતઃ સમાન વીચારો, સમાન આર્થીક–સામાજીક કક્ષાએ થાય એ બહેતર માર્ગ છે. ઘણીવાર બન્ને પરીવારો વચ્ચેનો સામાજીક, આર્થીક મોટો તફાવત યુવક–યુવતીઓનાં એડ્જસ્ટ્મેન્ટમાં બાધક બને અને ભંગાણનું નીમીત્ત બને છે. અસમાન શારીરીક દેખાવથી જ કજોડું નથી સર્જાતું; અસમાન વીચારો પણ કજોડાનું સર્જન કરે છે.

અખંડ લગ્નજીવનનો આધાર દેહાકર્ષણ નહી; સ્નેહાકર્ષણ છે. પતી–પત્નીની શારીરીક તન્દુરસ્તી જ નહી; માનસીક તન્દુરસ્તી પણ એટલી જ મુલ્યવાન છે. માત્ર સારો ‘વાન’ પુરતો નથીઃ સારો ‘વીવેક’ પણ જોઈએ. તીજોરીમાં પૈસા વગર લગ્નજીવન ચાલે; પરન્તુ દીલમાં પ્રેમ વગર ન ચાલે. દમ્પતીની આંખો જ નહીં; દૃષ્ટી પણ દુરનું જોવાની હોવી જોઈએ. વાણી, વીચારો અને વ્યવહાર સુન્દર હોય એવાં યુગલની ચામડી કાળી હોય તો તેનાથી દમ્પતીની શોભા ઘટતી નથી. ઘણીવાર બહારથી સુંદર દેખાતાં યુગલો પણ ભીતરથી સાવ ભાંગેલાં હોય છે. દમ્પતી વચ્ચેના સ્નેહનો સેતુ તુટે ત્યારે સંતોષીમાના શુક્રવાર કારગત નથી નીવડતા ! મનમેળ તુટે ત્યારે મહારાજાનું ઘર પણ તુટે અને મજુરનું ઘર પણ તુટે. ખમીસ તુટે ત્યારે સોયદોરો ચાલે; વીશ્વાસ તુટે ત્યારે સ્નેહદોરો જ જોઈએ. શ્વાસ માણસને જીવાડે છે; વીશ્વાસ લગ્નજીવનને જીવાડે છે. એમર્સને સાચું જ કહેલું, *‘અવીશ્વાસ ધીમી આત્મહત્યા છે.’*

જે. કૃષ્ણમુર્તીએ દમદાર વાત લખી છેઃ *‘માણસે બ્રહ્મચર્ય પાળવું તે શ્રેષ્ઠ છે; પરન્તુ બ્રહ્મચર્યમાં બળવા કરતાં પરણી જવાનું વધારે સારું છે !’* લગ્ન કરવાં એ આસાન છે; પણ લગ્નજીવનને આનન્દપુર્વક નીભાવવું એ માણસ ધારે છે એટલું આસાન નથી. જીવન પારાવાર મુશ્કેલીઓ અને સમસ્યાઓથી સભર છે. દુનીયામાં કોઈ એવું દમ્પતી હશે જેની વચ્ચે કદી ઝઘડો ન થયો હોય ? લગ્નજીવનનાં અઢાર વર્ષના અનુભવ પછી એવી સમ્ભાવના મને નહીવત્ લાગે છે. બે અલગ–અલગ કુટુમ્બમાં અને ભીન્નભીન્ન વાતાવરણમાં ઉછરેલી વ્યક્તીઓ સહજીવન માંડે ત્યારે કેટલાક વીચારભેદ અને કેટલોક સંઘર્ષ થવો સ્વાભાવીક છે. ‘મર્યાદા’માં રહીને થતા ઝઘડા અનીવાર્ય છે અને આવકારદાયક પણ છે. સાવ ઘર્ષણ તો ત્યારે જ ન થાય જયારે, એક પક્ષકાર દ્વારા તમામ અત્યાચારો, જોહુકમી અને દમનને મુંગા મોઢે સહન કરી લેવામાં આવે. પતી હમ્મેશાં હુકમ બજાવતો રહે અને પત્ની હમ્મેશાં પડ્યો બોલ ઝીલતી રહે એવાં ઘર ઝઘડામુક્ત હોઈ શકે; પરન્તુ દુઃખમુક્ત ન હોઈ શકે. એક પાત્રની સમ્પુર્ણ શરણાગતી એ પણ લગ્નજીવનની અધોગતી છે.

કેટલાંક દમ્પતીઓમાં તો લગ્ન પછી પાંચ–દસ વરસમાં જ પાંચ–દસ જનમ સુધી ચાલે એટલી ધૃણા પેદા થઈ જતી હોય છે. તીરાડ એટલી પહોળી પડે છે કે છુટાછેડા પછી પણ આક્રોશ જળવાઈ રહે છે. એક અત્યન્ત ધનવાન યુગલના છુટાછેડાના કેસમાં ન્યાયાધીશે એવો ચુકાદો આપ્યો કે, પતીએ બધી જ મીલકત વેચી નાખી જે રુપીયા આવે તેમાંથી અડધા રુપીયા પત્નીને આપવા. ન્યાયાલયના આદેશનું પાલન કરવા માટે પતીએ તેનું એક કરોડ રુપીયાનું ફાર્મહાઉસ માત્ર એક લાખ રુપીયામાં વેચી નાંખ્યું ! અને તેની પત્નીને પુરા પચાસ હજાર આપ્યા ! પત્નીએ આ બાબતે કોર્ટમાં ફરીયાદ કરી ત્યારે ન્યાયાધીશને જાણવા મળ્યું કે, પતી તો આ જ રીતે તેની બધી જ મીલકત મુળાના ભાવે કુંકી મારવાની વેતરણમાં હતો ! છુટા પડયા પછી પણ પોતે દુઃખી થવા તૈયાર; પરન્તુ પત્ની તો સુખી ન જ થવી જોઈએ !

મીત્રો, લગ્નજીવનમાં બાંધછોડ કર્યા વીના અને અનુકુલન સાધ્યા વીના સુખી થવાનું સહેલું નથી. દામ્પત્યજીવનના થોડા અનુભવ અને અભ્યાસ પછી મને એક વાત પાકી સમજાઈઃ *થોડી મુશ્કેલી વેઠી લેવી, થોડીના સાથે મળી ઉકેલ કાઢવા અને થોડી મુશ્કેલીઓ પેદા થાય એ પહેલાં જ અટકાવવી–એ લગ્નજીવનને સમજવા, જાળવવા અને માણવા માટેનો સૌથી આસાન માર્ગ છે.* કસ્તુરબાએ ગાંધીજીનાં વીચારો અને કાર્યોને સ્વીકારી લીધાં એ લગ્નજીવનમાં અનુકુલન સાધી શકાય છે એનું પ્રમાણ છે. આચાર્ય કૃપલાણી અને સુચેતા કૃપલાણી જુદાજુદા રાજકીય પક્ષમાં રહ્યાં છતાં; લગ્નજીવનમાં સંપુર્ણ

સુમેળ જાળવી શક્યાં, એ જરુરી બાંધછોડ કર્યા વીના શક્ય બન્યું હશે ખરું ? પ્રસન્ન દામ્પત્ય એ તો સતત એકબીજાનાં સુખ માટે પ્રયત્નશીલ રહેવાની પ્રક્રીયા છે. લગ્નજીવનની સફળતાનું રહસ્ય જન્મકુંડળીમાં કે ગ્રહો પર નીર્ભર નથી; માણસની સમજણ, ઉદારતા અને સહયોગ પર નીર્ભર હોય છે.

મધુર વાણી એ દામ્પત્યજીવનની સૌથી મજબુત કડી છે. લગ્નજીવનને ગળાટૂંપો આપવા માટે ક્રોધ એ પંખાનું અને કડવાં વચનો એ દોરડાનું કામ કરે છે ! પતીપત્ની બન્નેના શોખ ભીન્નભીન્ન હોય તો, તે પ્રમાણે ઍડ્જસ્ટમેન્ટ સાધી લેવામાં કુટુમ્બની ભલાઈ છે. સજ્જન લાગતા પતીદેવ અને સન્નારી દેખાતાં શ્રીમતી પણ, આખરે તો માણસ જ હોય છે. તેઓ પણ ક્યારેક ભુલ કરી બેસે એ બહુ આંચકો આપનારી ઘટના નથી. જીવનમાં ભુલ થાય ત્યારે ખુલ્લા દીલે સ્પષ્ટતા કરી લેવામાં આવે, ભુલ કબુલી લેવામાં આવે અને દીલગીરી વ્યક્ત કરવામાં આવે તો આવી પડેલી આફતને ટાળવાનું વધારે મુશ્કેલ નથી હોતું. લગ્નજીવનની મોટાભાગની ઉપાધીઓ, સામેના પાત્રની નાની–નાની ભુલોને જડતાપુર્વક પકડી રાખવામાં અને કદી માફ નહીં કરવામાં છુપાયેલી હોય છે. નાની ગેરસમજો લાંબા ગાળે મોટું સ્વરુપ ધારણ કરી કેટલીકવાર છુટાછેડાનો માર્ગ નીર્ધારીત કરી આપે છે.

સ્વમાન એ અભીમાનમાં પલટાય ત્યારે પતીપત્નીનાં યુદ્ધની જવાળાઓ બેડરુમની લક્ષ્મણરેખા પાર કરી આસપાસમાં પ્રસરી જાય છે. આ એક એવી આગ છે કે જે, ફાયર બ્રીગેડવાળાના ઘરમાં પણ ભડકી શકે ! જે ઘરમાં ઝઘડો ઘર કરી જાય એ ઘરમાં પ્રેમને ગૃહપ્રવેશ કરવાની મનાઈ હોય છે. લાખો રુપીયાના ખર્ચે બાંધેલું વીશાળ ઘર એ ‘ઘર’ નથી રહેતું; માત્ર દીવાલોથી સર્જાયેલું ‘મકાન’ બની રહે છે. આલીશાન મકાનના વીશાળ છત્ર નીચે રહેવા છતાં, બાળકો માતાપીતાની છત્રછાયા માટે બાળભીક્ષુની જેમ ટળવળે છે.

પતીપત્નીનો ઝઘડો બાળકોના કાને અથડાય ત્યારે એવી અથડામણ ટાળવામાં કુટુમ્બનું કલ્યાણ છે. કાકાસાહેબ કાલેલકરે અમથું નથી કહ્યું, *‘બાળકોને પણ આબરૂ હોય છે!’* ઝઘડો વધે ત્યારે બાળકોની શરમ પણ આડે ન આવે ત્યારે સમજવું, મા–બાપ બનવામાં ઉતાવળ કરી છે ! આતંકવાદીઓની ક્રુરતા કરતાં અસભ્ય માતાપીતાની ક્રુરતા ભાવી પેઢી માટે ઓછી હાનીકર્તા નથી હોતી. જે. કૃષ્ણમર્તીની વાતમાં સચ્ચાઈ છેઃ *‘માણસને વકીલ કે દાક્તર બનવા માટે ભારે તાલીમ આપવામાં આવે છે; પરન્તુ માબાપ બનવા માટે કોઈ તાલીમ આપવામાં નથી આવતી !’* મીત્રો, માણસ દુનીયાનો ગમે તે ધર્મ પાળતો હોય પણ; કુટુમ્બધર્મ પાળવામાં નીષ્ફળ નીવડે તેને તો અધર્મી જ સમજવો !

'ઘર'થી વધારે આદર્શ શાળા મારા ધ્યાનમાં નથી. માતાથી વધારે મોટા શીક્ષકને હું કદી મળ્યો નથી. પરીવારથી મોટું વીશ્વવીદ્યાલય દુનીયામાં ક્યાંય બંધાયું નથી. માતાપીતાના ખરાબ વર્તનથી બગડેલાં બાળકોને સુધારવામાં, શાળાના શીક્ષકોએ પણ હાથ ધોઈ નાંખવા પડે ! જે ઘરમાં માતાપીતા વચ્ચે સ્નેહ–સમ્બન્ધ ન હોય એ ઘરમાં બાળકોને પ્રેમ, સ્નેહ અને લાગણીના ઉપવાસ કરવા પડે છે. અઢળક ધનદોલત વચ્ચે પણ બાળકો સાવ ગરીબડાં રહી જાય છે. બાળકોની લાગણીઓને બચપણમાં જ ઉઝરડા પાડનાર મા–બાપને ઘડપણમાં વૃદ્ધાશ્રમોની દયા પર જીવવાનો હક્ક છે.

છુટાછેડાના કેસોમાં અદાલત પતી કે પત્નીને ન્યાય આપી શકે; પણ બાળકોને થતાં અન્યાયનું શું ? ન્યાયાલયો કદાચ સ્ત્રીઓને ત્રાસમાંથી મુક્તી કે ખોરાકી અપાવી ભુખમરાથી છોડાવી શકે; પરંતુ એમનાં બાળકોને પ્રેમ, સ્નેહ અને લાગણીઓના ભુખમરાથી કોણ છોડાવે ? બાળકો થયાં પછી દામ્પત્ય–સમ્બન્ધ તુટે ત્યારે માત્ર એ સમ્બન્ધ જ નહી; બાળકોનું ભવીષ્ય પણ તુટતું હોય છે.

અમેરીકામાં જગતનાં પહેલા વહેલા કાયદેસર છુટાછેડા ૧૬૩૯માં શ્રીમતી જેમ્સ લક્સ ફોર્ડે લીધેલા. ડાયવોર્સ એ અમેરીકાનું કલ્ચર છે. વાતવાતમાં 'વાત' ડાયવોર્સ સુધી પહોંચી જાય તો ભારતમાં ભાગ્યે જ કોઈ ઘર સલામત રહી શકે. કેટલાક તો ઢાંઢા જેવડા થાય તોય એકબીજાના વાંધા કાઢવાનું શોધતા રહે છે ! એકબીજાની ઉણપ, રસ–અભીરુચી, સ્વભાવગત ખાસીયત અને અનુકુળ–પ્રતીકુળ સ્વભાવ બધાંને કેમ જાળવી લેવાં, સહન કરી લેવાં–એવી ઉદાર ભાવનામાં ક્યાંક પ્રસન્ન દામ્પત્યનું રહસ્ય છુપાયેલું હોય છે.

હસ્તમેળાપની સાથે દીલમેળાપની વીધી કરાવવાની વ્યવસ્થા વીચારવા જેવી છે ! નથી લાગતું કે, લગ્નમંડપમાં નવદમ્પતીના છેડાછેડીની સાથે મીત્રતા પણ બંધાવી જોઈએ ? નીત્શેએ જાણી રાખવા જેવી વાત કરી છે, *'પ્રેમની ખામીને કારણે નહીં; પણ મૈત્રીની ખામીને કારણે લગ્નજીવન દુ:ખી થાય છે. રોમેન્ટીક પ્રેમનો નશો ઓછો થાય પછી પતી–પત્ની વચ્ચે મૈત્રી બચવી જ જોઈએ. મૈત્રીની ભાવના પતી–પત્ની વચ્ચેથી ચાલી જાય તો પછી લગ્નનું વહાણ ડુબી જાય છે અને પછી દમ્પતીને તરવા માટે તુટેલું પાટીયું પણ મળતું નથી.'*

મીત્રો, લગ્ન કરવાં અને તોડવાં કરતાં લગ્ન ટકાવવાં એ વધારે મહેનતનું કાર્ય છે. છુટાછેડા એ તો છેક છેવાડાનો વીકલ્પ છે. પૈસાના જોરે પતી કે પત્ની સહેલાઈથી મળી શકે; જીવનસાથી નહીં. સાચો જીવનસાથી શોધનારે પહેલાં સાચા જીવનસાથી બનવું પડે છે. યાદ રાખજો, દમ્પતીઓના દૈનીક ઝઘડાઓથી નર્ક વધારે ખરાબ નથી હોતું!

## પ્રસાદ

*મહાકવી કાલીદાસના ‘શાકુન્તલ’માં દુષ્યન્ત રાજાને પરણી સાસરે જતી શકુન્તલાને વીદાય આપતા તેના પાલક પીતા (ૠષી કશ્યપ) અદ્ ભુત ઉપદેશ આપે છેઃ*

*“વડીલોની સેવા કરજે, સપત્નીઓ (સોતન) પ્રત્યે પણ પ્રીય સખી જેવું વર્તન દાખવજે, પતી ક્યારેક ગેરવર્તન આચરે તેથી ગુસ્સે થઈશ નહીં, નોકરો પ્રત્યે પણ વીનયથી વર્તજે અને તને મળેલા સારા ભાગ્ય બદલ કદી ફુલાતી નહીં. સદાચારથી જ સ્ત્રીઓ આદર્શ ગૃહીણીપદ પ્રાપ્ત કરે છે, એથી ઉલટું વર્તન કરનારી સ્ત્રીઓ આખા કુળને પીડે છે.”*

– વલ્લભ ઈટાલીયા

સંપર્કઃ B-74, હંસ સોસાયટી, વરાછા રોડ, સુરત–395 006 મો. 93745 56018

ઈ–મેઈલઃ vallabhitaliya@yahoo.com

**‘સન્ડે ઈ–મહેફીલ’ – વર્ષઃ** પાંચમું **– અંકઃ** 169-1 – July 05, 2009

**‘ઉંઝાજોડણી’**માં અને **‘શ્રુતી’** ફોન્ટમાં **સાભાર અક્ષરાંકનઃ વીજેશ શુક્લ -**

vijvan302@gmail.com

●●●

## How To Pay Courier Charges To Get The CD of 'BG'?

**A. ARRANGE FOR CASH PAYMENT AT MAGNET OFFICE**

Magnet Office Address :
404-405, Soham -II,
Near Navarang School Six Road,
Behind Aarogyam Hospital,
Navrangpura, **Ahmedabad – 380 009**
Phone : 079 - 6513 5400

**B. CASH DEPOSIT IN BANK**

**Payee - Magnet Technologies Private Limited**

| **Bank Name** | **Account Number** | **Address** |
|---|---|---|
| Kotak Mahindra Bank | 6532000002370 | Kotak Mahindra Bank Ltd., Neel Rekha, L.T. Road, Borivali (West), Mumbai – 400 092 |
| ICICI Bank | 053905000194 | Shreeji Sharan, Shantilal Modi Road, Kandivali (West), Mumbai – 400 067 |

| | | |
|---|---|---|
| Bank Of India | 000620100005691 | Mangal Kunj, Swami Vivekanand Road, Borivali (west), Mumbai 400092 |

**C. SEND CHEQUE / DD To MAGNET OFFICE**

**D. ONLINE PAYMENT VIA 2Checkout AT :**
http://www.magnettechnologies.com/payment.php

**E. ONLINE PAYMENT VIA PAYPAL AT :**
http://www.gujaratilexicon.com/index.php?action=paypalPage

## Quick Download

No need to wait for CD, You can download it, It is quick and easy!
Just click on below link:
http://www.bhagvadgomandal.com/index.php?action=download

*Support our work by donations! Donations help us to continue our work.*

## Packing & Delivery Charges

**Details of Packing and Delivering Charges to be sent to Magnet Office as above:**

| Location | Amount |
|---|---|
| Gujarat | Rs. 30 |
| India | Rs. 50 |
| USA, UK | Rs. 750 |
| Rest of World | Rs. 1,000 |

## Distribution Centres

**You can get CD of Bhagwadgomandal from following Addresses :**
**We suggest you to call / email the centre before visiting for CD Collection.**

| Location | Name | Address | Timings |
|---|---|---|---|
| Ahmedabad | Magnet Technologies | 404-405, Soham-II, Near Navrang School Six Road, Navrangpura<br>Ph- 079 – 6513 5400<br>**email :** info@gujaratilexicon.com<br>getcd@bhagavadgomandal.com | Monday to Friday – 9.30 A.M to 6.30 P.M |
| Gandhinagar | Balvantbhai Patel | Plot No- 253/1, Sector – 7/A, Gandhinagar – 382 007<br>Mobile-99097 18403<br>**email :** patel.balvant@gmail.com | For time, please ring him |
| Vadodara | Mr. Ashok Pandey | Steelco Gujarat Ltd.,<br>4th Floor, Marble Arch (10 story building), Opp. Vanijyabhavan, Race course circle, Vadodara – 390 007<br>Ph – 0265 – 2333484<br>**email:**<br>sglbrd@dataone.in | Monday to Friday – 9.30 A.M. to 5.00 P.M. |
| Surat | Uttambhai Gajjar | 53, Gurunagar, Varchha Road, Surat<br>Ph- 0261-255 3591<br>**email :** uttamgajjar@hotmail.com | Moday to Friday – 9.00 to 11. 00 A.M<br>and 4.00 to 7.00 P.M. ONLY |
| Rajkot | Bharatbhai Kapadia | Aastha, Prakash Society, Nirmala Convent Road, Opp. Nirmala Convent, Rajkot<br>Ph – 0281-258 4595<br>**email :** aasthabk@gmail.com | Moday to Friday – 8.30 to 11. 30 A.M<br>and 4.30 to 6.30 P.M. |
| Bhavnagar | Jayant Meghani | Prasar, 1888, Atabhai Avenue, Bhavnagar – 364 002<br>Phone – 0278- 256 8452<br>**email :** prasarak@dataone.in | Monday to Saturday – 9.00 to 1.00 P.M<br>and 3.00 to 8.00 P.M. |
| Mumbai | Chandaria Foundation | 12, Sudhakar Apartment, 26 Narayan Dhabolkar Marg, Malbar Hill, | Monday to Friday – |

| | | | |
|---|---|---|---|
| | | Mumbai – 400 006<br>Ph – 022 – 2363 4867 | 11.00 A.M. to 6.00 P.M. |
| United Kindgom | Vipool Kalyani | Parivaar Communications, 4, Rosecroft Walk, Wembley, Middlesex, HAO2JZ, UK<br>**email :**<br>vipoolkalyani.opinion@btinternet.com | For time, please, write him email. |
| Canada | Keshav Chandaria | Comcraft Services Ltd<br>401-2, Lansing Sq.<br>Toronto M2J 4P8<br>Ontario<br>Canada<br>Ph : 1-416-494-7772<br>**email:**<br>keshav@comcraft.com | For time, please, write him email or ring him. |
| USA | Harnish Jani | 4, Pleasant Drive,<br>Yardville, NJ-08620<br>USA<br>Ph :- 1-609-585-0861<br>Cell -1-609-577-7102<br>**email:**<br>harnish5@yahoo.com | For time, please, write him email or ring him. |


**Maitri Shah**

info@gujaratilexicon.com

maitri.shah@magnettechnologies.com

Amdavad


Friday, 03 July, 2009

●●●


'સન્ડે ઈ–મહેફીલ' – વર્ષ: પાંચમું – અંક: 169-1 – July 05, 2009

'ઉંઝાજોડણી'માં અને 'શ્રુતી' ફોન્ટમાં સાભાર અક્ષરાંકન: વીજેશ શુક્લ - vijvan302@gmail.com


(♦)●(♦)●(♦)●(♦)